


પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

अब तो एक ही आग ''जन फरियाद''

now on Internet www.janfariyad.com

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

તંત્રી : પ્રદિપ રાવલ

સાપ્તાહિક

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-24 ■ અંક-30 ■ તા. 19-07-2020 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk

# સતત બીજા દિવસે ૩૪ હજારથી વધુ પોઝિટિવ કેસો

**૨૪ કલાકમાં વધુ ૬૭૧ના મોત સાથે મૃત્યુઆંક ૨૬૨૭૩એ પહોંચ્યો, રિક્વરી રેટ વધીને ૬૩.૯૩ ટકાએ પહોંચ્યો, ૨૪ કલાકમાં ૧૭૯૯૪ લોકો સ્વસ્થ થયા મહારાષ્ટ્રમાં સૌથી વધુ ૮૩૦૮, તમિલનાડુમાં ૪૫૩૮ લોકો પોઝિટિવ મળી આવ્યા**

ન્યુ દિલ્હી,તા.૧૮

સમગ્ર દેશમાં કોરોનાનો વાઈરસ ઓક્ટોપસની જેમ ચારે તરફ ફેલાઈ રહ્યો હોય તેમ ગઈકાલે શુક્રવારે પણ ૩૫ હજારની નજીક કેસો નોંધાયા હતા. અનલોક-૨ના ૧૭મા દિવસે શુક્રવારે વધુ ૬૭૧ લોકોના મૃત્યુ સાથે ૩૪,૮૨૦ નવા કેસો ઉમેરાયા હતા. પરિસ્થિતિ દિવસેને દિવસે વકરી રહી છે. છેલ્લા એક સપ્તાહમાં કોરોનાના કેસમાં સતત વધારો થઈ રહ્યો હોય તેમ છેલ્લા ૨૪ કલાકમાં ભારતમાં બ્રાઝીલથી પણ વધારે કેસ નોંધાયા છે. બ્રાઝીલમાં ગઈકાલે ૩૩,૯૫૯ કેસ નોંધાયા છે, જેની સામે ભારતમાં ૩૪,૮૦૦થી વધારે કેસ નોંધાયા છે. તો બિહારમાં એક મંત્રી, એક સાંસદ અને તેમના પત્ની કોરોનાની ઝપટમાં આવી ગયા છે. બીજી તરફ અભિનેત્રી ઐશ્વર્યારાય બચ્ચન અને પુત્રી આરાધ્યાને પણ મુંબઈની નાણાવટી હોસ્પિટલમાં દાખલ કરાયા છે. આ જ હોસ્પિટલમાં તેમના સસરા અને મહાનાયક અભિતાભ બચ્ચન અને પતિ અભિષેક પણ કોરોની સારવાર હેઠળ છે. જ્યારે ધ લેન્સેટના એક રિપોર્ટ મુજબ, અમેરિકા બાદ ભારતમાં જ ચેપ સૌથી ઝડપી રીતે ફેલાઈ રહ્યો છે અને દેશના ૬૪૦ જિલ્લામાંથી ૬૨૭ જિલ્લા કોરોના વાઈરસ સામે ઝઝૂમી રહ્યા છે.

અનલોક-૨માં દેશમાં કોરોનાના કેસ ઝડપથી વધી રહ્યા છે. અત્યાર સુધી ૧૦ લાખ ૪૦ હજાર ૪૫૭ લોકો સંક્રમિત થઈ ચુક્યા છે. જેમાં ૩ લાખ ૫૯ હજાર ૭૦૧ દર્દી સારવાર હેઠળ છે. અત્યારસુધીમાં ૬ લાખ ૫૪ હજાર ૭૮ લોકો સાજા થયા છે, જ્યારે ૨૬ હજાર ૨૮૫ દર્દીઓના મોત થયા છે.

જોકે, એક સારી બાબત એ પણ છે કે ભારતમાં ધીમે ધીમે કોરોનાની બિમારીમાંથી સ્વસ્થ્ય થનારા લોકોની સંખ્યા પણ વધી રહી છે. ભારતમાં હવે કોરોના વાયરસનો રિકવરી રેટ ૬૩.૯૩ ટકા સુધી પહોંચી ગયો છે. દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૭૯૯૪ લોકો સ્વસ્થ્ય થયા છે. આ સાથે જ આ આંકડો વધીને ૬૫૩૭૫૧ સુધી પહોંચી ગયો છે જે કોરોનાના એક્ટીવ કેસ કરતા વધારે થઈ ગઈ છે.કોરોનાના કેસોમાં મહારાષ્ટ્ર સૌથી વધારે અસરગ્રસ્ત રાજ્ય છે. મહારાષ્ટ્રમાં ૨,૯૨,૫૮૯ કેસ નોંધાયા છે. બીજા નંબરે તમિલનાડુમાં ૧,૬૦,૯૦૭, રાજધાની દિલ્હીમાં ૧,૨૦૧૦૭,૯૯૩, કર્ણાટકમાં ૫૫,૧૧૫, ઉત્તરપ્રદેશમાં ૪૫,૧૬૩, તેલંગાણામાં ૪૨,૪૯૬, આંધ્રપ્રદેશમાં ૪૦,૬૪૬, પશ્ચિમ બંગાળમાં ૩૮,૦૧૧ કેસ નોંધાયા છે.કોરોના સંક્રમિતોની સંખ્યાના હિસાબે ભારત વિશ્વનો ત્રીજો સૌથી અસરગ્રસ્ત દેશ બની ગયો છે. અમેરિકા, બ્રાઝિલ બાદ કોરોના મહામારીથી સૌથી વધારે ભારત પ્રભાવિત છે. . જો ૧૦ લાખ વસતી પર સંક્રમિત મામલા અને મૃત્યુદરની વાત કરવામાં આવે તો અન્ય દેશોની તુલનામાં ભારતની સ્થિતિ ઘણી સારી છે. ભારતથી વધારે કોરોનાના કેસો અમેરિકા અને બ્રાઝીલમાં છે.

દરમ્યાન ફિલ્મક્ષેત્રે બચ્ચન પરિવારમાં હવે ઐશ્વર્યા રાય બચ્ચન અને તેમની દીકરી આરાધ્યાને શુક્રવારે મોડી રાતે નાણાવટી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. તેઓ હોમ ક્વોરન્ટિન હતા. ૧૧ જુલાઈએ અમિતાભ અને અભિષેક કોરોના પોઝિટિવ મળી આવ્યા હતા.લોકડાઉન હેઠળના બિહાર રાજ્યમાં શ્રમ સંસાધન મંત્રી અને વિજય કુમાર સિન્હા, પાટિલપુત્રના સાંસદ રામકૃપાલ યાદવ અને તેમના પત્ની કોરોના પોઝિટિવ મળી આવ્યા છે. મંત્રી વિજય કુમારની પટનામાં એઈમ્સમાં સારવાર ચાલી રહી છે

એક અન્ય કોરોના સંબંધિત ઘટનામાં બાગપતના ખેકડાના કોવિડ હોસ્પિટલની બારી તોડીને એક બાળક ફરાર થઈ ગયો છે. તેને ચોરીના આરોપમાં પકડવામાં આવ્યો હતો. અને પરીક્ષણમાં કોરોના પોઝિટિવ નીકળ્યો હતો.ભારતમાં છેલ્લા ત્રણ દિવસમાં જ એક લાખ કેસ નોંધાયા છે.



સ્વાસ્થ્ય મંત્રાલયના જણાવ્યા પ્રમાણે, ગુરુવારે ૩૨,૬૯૫ કેસ અને ૬૦૬ લોકોના મોત થયા હતા. શુક્રવારે અત્યાર સુધીના એક દિવસમાં સૌથી વધારે ૩૪,૯૫૬ કેસ નોંધાયા હતા અને ૬૮૭ લોકોના મોત થયા હતા. જ્યારે આજે છેલ્લા ૨૪ કલાકમાં ૬૭૧ લોકોના મોત થયા છે અને ૩૪,૮૮૪ નવા કોવિડ-૧૯ કેસ નોંધાયા છે. આમ છેલ્લા ત્રણ દિવસમાં જ ૧,૦૨,૦૫ કેસ નોંધાયા છે.

# શોપિયામાં એન્કાઉન્ટર: સેનાએ ત્રણ આતંકીઓને ઠાર કર્યા



શ્રીનગર,તા.૧૮

જમ્મુ-કાશ્મીરમાં આતંક સામે એક મોટો અભિયાન ચાલી રહ્યું છે. સુરક્ષા દળો આતંકને નાબૂદ કરવા માટે સતત પ્રયાસ કરી રહ્યા છે. શનિવારે સવારે સુરક્ષા દળોએ શોપિયાં જિલ્લાના અમશિપોરા ખાતે એક્રાઉન્ટરમાં ત્રણ આતંકવાદીઓને ઠાર કર્યા હતા. છેલ્લા ૨૪ કલાકમાં કાશ્મીર ખીણની અંદર આ બીજી અથડામણ છે. અગાઉના એક્રાઉન્ટરમાં પણ સુરક્ષાદળોએ ત્રણ આતંકવાદીઓને ઠાર માર્યા હતા. આ રીતે, છેલ્લા ૨૪ કલાકમાં ખીણમાં ૬ આતંકવાદીઓ માર્યા ગયા છે.

શનિવારે સવારે એક્રાઉન્ટર પૂર્વે સુરક્ષા દળોને આ વિસ્તારમાં આતંકવાદીઓના છુપાયેલા હોવાની બાતમી મળી હતી, જેના આધારે પોલીસ, સેના અને સીઆરપીએફની સંયુક્ત ટીમે સર્ચ ઓપરેશન શરૂ કર્યું હતું. દરમિયાન, પોતાને ઘેરાયેલું જોઈને આતંકીઓએ સુરક્ષા દળો પર ફાયરિંગ શરૂ કરી દીધું હતું. સુરક્ષા દળોએ આતંકીઓની ગોળીબારનો જવાબ આપતા જ ??ફાયરિંગ કર્યું હતું. આ જવાબી કાર્યવાહીમાં ત્રણેય આતંકવાદીઓ માર્યા ગયા હતા.

એક પોલીસ અધિકારીએ જણાવ્યું કે, દક્ષિણ કાશ્મીરના શોપિયાંના અમશિપોરામાં આતંકવાદીઓની હાજરીની બાતમીના આધારે સુરક્ષા દળોએ આ વિસ્તારને ઘેરી લીધો હતો અને ત્યાં સર્ચ ઓપરેશન શરૂ કર્યું હતું. તેમણે કહ્યું કે આ દરમિયાન, આતંકીઓએ સુરક્ષા દળો પર ફાયરિંગ શરૂ કર્યું હતું, ત્યારબાદ દળોએ પણ જવાબી કાર્યવાહી કરી હતી. અધિકારીએ જણાવ્યું કે આ એક્રાઉન્ટરમાં ત્રણ આતંકવાદીઓ માર્યા ગયા છે.

શુક્રવારે કુલગામમાં સુરક્ષા દળો અને આતંકવાદીઓ વચ્ચે મુકાબલો થયો હતો.

આમાં સુરક્ષા દળોએ જૈશ-એ-મોહમ્મદના ત્રણ આતંકીઓને ઠાર માર્યા હતા.

આ રીતે, શુક્રવારથી શનિવારના ૨૪ કલાકમાં, સુરક્ષા દળના આતંકવાદીઓ સાથે બે એક્રાઉન્ટર થયા હતા, જેમાં કુલ ૬ આતંકવાદીઓ માર્યા ગયા છે.

# યુવાનો કોંગ્રેસ છોડીને જાય છે તેમાં કોઈ નુકસાન નથી, નવા અવસરો સર્જાશે: રાહુલ ગાંધી



ન્યુ દિલ્હી,તા.૧૮

રાજસ્થાનમાં વરિષ્ઠ સામે યુવા નેતાઓ વચ્ચેની અથડામણ પૂરજોશમાં છે અને આ કારણે જ રાજ્ય સરકાર પર સંકટના વાદળો ઘેરાયેલા છે. અગાઉ મધ્ય પ્રદેશમાં પણ આ પ્રકારની સ્થિતિ જ જોવા મળી હતી. ત્યાર બાદ જ્યોતિરાદિત્ય સિંધિયાએ પાર્ટી છોડી દીધી હતી અને તેમના સાથે ૨૦થી પણ વધારે ધારાસભ્યોએ રાજીનામુ આપી દીધું હતું જેથી કમલનાથે પોતાની ખુરશી ગુમાવવી પડી હતી.

આ બધા વચ્ચે સૂત્રો દ્વારા મળતા અહેવાલ પ્રમાણે રાહુલ ગાંધીએ યુવા નેતાઓ પાર્ટી છોડે છે તેની ટીકા કરી છે.

રાહુલ ગાંધીએ યુવા નેતાઓના જવાથી પાર્ટીને કોઈ નુકસાન નહીં થાય અને તેનાથી નવા નેતાઓ માટે અવસર સર્જાશે તે અર્થનું નિવેદન આપ્યું હતું.

એક તરફ રાજસ્થાનમાં રાજકીય ઉથલ પાથલ મચેલી છે અને તેવા સમયે જ રાહુલ ગાંધીનું આ નિવેદન સામે આવ્યું છે જેથી પાર્ટી પૂર્વ નાયબ મુખ્યમંત્રીને પાછા લાવવા પ્રયત્ન કરી રહી છે તેવી અટકળો પર પૂર્ણવિરામ મુકાઈ ગયું છે.

પાર્ટીના વિદ્યાર્થી એકમ એનએસયુઆઈની બેઠકને સંબોધિત કરતી વખતે રાહુલ ગાંધીએ કોઈનું નામ નહોતું લીધું પરંતુ તેમની આ ટિપ્પણી સ્પષ્ટપણે જ્યોતિરાદિત્ય સિંધિયા અને સચિન પાયલટને અનુલક્ષીને જ હતી.

તમારે આ પ્રકારના ઘટનાક્રમોને લઈ ચિંતિત ન થવું જોઈએ. તેનાથી તમારા માટે અવસરો ખુલશે.' તે અર્થનું નિવેદન આપ્યું હતું. એક સદસ્ય દ્વારા કરવામાં આવેલા દાવા પ્રમાણે રાહુલ ગાંધીએ 'પુંછડી દબાવીને ભાગ્યા' તે અર્થના હિંદી રૂઢિપ્રયોગનો પણ ઉપયોગ કર્યો હતો પરંતુ તેની કોઈ પૃષ્ટિ નથી થઈ શકી.

# અમેરિકાના યુધ્ધાભ્યાસથી ફફડેલા ચીને સાઉથ ચાઈના સીમાં લડાકુ વિમાનો તૈનાત કર્યા

**સાઉથ ચાઈના સીના પેટાળમાં ખનીજો અને તેલના ભંડારો હોવાનુ મનાય છે**




વૉશિંગ્ટન/બેઈજિંગ,તા.૧૮

સાઉથ ચાઈના સીમાં ચીન અને અમેરિકા વચ્ચે તનાવ વધી રહ્યો છે.અમેરિકા અહીંયા પોતાના બે જંગી એરક્રાફ્ટ કેરિયર સહિતના યુધ્ધ જહાજો સાથે યુધ્ધાભ્યાસ કરી રહ્યુ છે.

જેના પગલે ફફડી ઉઠેલા ચીને સાઉથ ચાઈના સીમાં બનાવેલા કૃત્રિમ ટાપુઓ પર લડાકુ વિમાનો તૈનાત કરવા માંડ્યા હોવાનુ સેટેલાઈટ તસવીરોમાં સ્પષ્ટપણે દેખાઈ રહ્યુ છે.ચીને સાઉથ ચાઈના સીમાં એક ટાપુ પર ચાર જે-૧૧બી પ્રકારના અને બાકીના બોમ્બર વિમાનો તૈનાત કર્યા છે.આ લડાકુ વિમાનો અમેરિકાના યુધ્ધ જહાજોને જરુર પડે તો નિશાન બનાવવા માટે ઉપયોગમાં લઈ શકાય તેમ છે.જે જગ્યાએ આ વિમાનો તૈનાત કરાયા છે તે વૂડી ટાપુ પર પહેલી વખત આટલા મોટા પાયે ચીને લશ્કરી ગતિવિધિઓ શરુ કરી છે.

જોકે અમેરિકાને આ બધાથી ઝાઝો ફરક પડયો હોય તેમ લાગ્યુ નથી.અમેરિકાએ યુધ્ધાભ્યાસનો બીજો તબક્કો પણ શરુ કરી દીધો છે.આ અગાઉ પહેલા તબક્કામાં ૪ થી ૧૦ જુલાઈ દરમિયાન અમેરિકાના યુધ્ધ જહાજોએ સાઉથ ચાઈના સીમાં યુધ્ધાભ્યાસ કર્યો હતો.

જાણકારોનુ માનવુ છે કે, અમેરિકાના ડરને આગળ ધરીને હવે ચીને સાઉથ ચાઈના સીનુ ઝડપથી સૈન્યીકરણ કરવામ માંડ્યુ છે.આ ટાપુ પર ચીનને ફાઈટર વિમાનો તૈનાત કરવાનુ બહાનુ મળી ગયુ છે.ચીનના આ પગલાથી મલેશિયા, વિયેતનામ, ઈન્ડોનેશિયા જેવા પાડોશી દેશો દહેશતમાં આવી ગયા છે.સાઉથ ચાઈના સીના પેટાળમાં ખનીજો અને તેલના ભંડારો હોવાનુ મનાય છે.જેના કારણે આ વિસ્તાર પર ચીન પોતાનો દાવો ઠોકી રહ્યુ છે.જોકે તેની સામે ચીનના પાડોશી દેશો વિરોધ નોંધાવી રહ્યા છે અને તેમને અમેરિકાનો સાથ મળી રહ્યો છે.

# કોરોના સંકટ: બેંગ્લોર,હૈદરાબાદ,પૂના જેવા શહેરો નવા હોટસ્પોટ બનશે

ન્યુ દિલ્હી,તા.૧૮

દેશમાં કોરોના વાયરસ દર્દીઓની સંખ્યા ૧૦ લાખને વટાવી ગઈ છે. ચેપની સૌથી ખરાબ અસર તે મોટા શહેરોમાં જોવા મળી, જ્યાં વસ્તી ૫૦ કરોડથી વધુ છે. નવીનતમ આંકડા દર્શાવે છે કે દેશમાં દિલ્હી, મુંબઇ, ચેન્નાઈ અને અમદાવાદમાં કેસ ઘટવા માંડ્યા છે, બીજી તરફ, બેંગ્લોર, હૈદરાબાદ અને પુના જેવા શહેરો નવા કોરોના હોટસ્પોટ બની શકે છે. જે શહેરમાં કેસોમાં સૌથી વધુ વધારો જોવા મળ્યો છે તે બેંગાલુરુ છે. છેલ્લા ચાર અઠવાડિયામાં કોરોના કેસોમાં સરેરાશ ૧૨.૯% નો વધારો થયો છે. બેંગાલુરૂ શહેરમાં દરરોજ ૮.૯% ના દરે મૃત્યુની સંખ્યા નોંધાઈ હતી.મૃત્યુ દર (૧૦૦ કેસ દીઠ મૃત્યુ)ની વાત કરીએ તો અમદાવાદ આ યાદીમાં ટોચ પર છે. આ પછી, મુંબઈ અને કોલકતા આવે છે. ચેન્નઈમાં તેની વસ્તી સામેના પ્રત્યેક લાખ કેસોમાં ૮,૫૯૫ સૌથી વધુ કેસની ડેન્સિટી છે. આ પછી, કેસની ડેન્સિટીમાં મુંબઇ, પુના અને દિલ્હીનો નંબર છે. મુંબઈમાં અહીં પ્રત્યેક એક લાખ વસ્તીએ ૩૪૫ હતા, જે દેશમાં સૌથી વધુ છે. આ પછી અમદાવાદ અને દિલ્હી છે.

છેલ્લા ચાર અઠવાડિયાના ડેટા વિશ્લેષણ બતાવે છે કે રાજ્યો અને પ્રદેશોમાં સંક્રમણ નવા શહેરી કેન્દ્રો તરફ આગળ વધી રહ્યું છે. ઉદાહરણ તરીકે, કોરોનાના કિસ્સામાં મુંબઈમાં દરરોજ જોવા મળતા કેસોની સંખ્યામાં ઘટાડો થઈ રહ્યો છે પરંતુ પુનામાં તે વધી રહ્યો છે. અમદાવાદમાં કેસો રાષ્ટ્રીય સરેરાશ કરતા ઘણા ઓછા દરે વધી રહ્યા છે, પરંતુ સુરતમાં આ વધારો રાષ્ટ્રીય સરેરાશ કરતા વધુ છે. ડેટા બતાવે છે કે ચેન્નઈમાં કોરોનાની ગતિ ધીમી પડી છે, પરંતુ હૈદરાબાદ અને બેંગાલુરુમાં સતત વધારો થતો રહે છે.

નવા શહેરોમાં સંક્રમણના વધતા દબાણ સાથે એવું પણ જોવા મળ્યું છે કે, શહેરના જુદા જુદા વિસ્તારોમાંથી મળી આવેલા કોરોના કેસોમાં ફેરફાર થયો છે. ઉદાહરણ તરીકે, દેશમાં સૌથી વધુ કોરોના કેસ મુંબઈમાં જોવા મળ્યા હતા. અહીં સંક્રમણ નિયંત્રણમાં લેવામાં આવ્યું છે પરંતુ થાણે, કલ્યાણ, નવી મુંબઈ અને ભિવંડી વિસ્તારોમાં સંક્રમણના કેસ ફેલાવાનું સતત જારી રહ્યું છે. જૂન અને જુલાઈ મહિનાના છેલ્લા બે અઠવાડિયા દરમિયાન શહેરમાં દરરોજ ફક્ત ૧,૦૦૦-૧,૫૦૦ કેસ નોંધાયા છે. આજુબાજુની ગીચ વસ્તી અને સેમી-રૂરલ વસાહતોમાં સંક્રમણનું પ્રમાણ વધ્યું છે.

# કોરાના બાદ દેશમાં કાવાસાકી રોગનો ખતરો, દિલ્હીમાં દેખાવા લાગી અસર

ન્યુ દિલ્હી,તા.૧૮

પાટનગર નવી દિલ્હીના રહેવાસીઓ કોરોનાનો વિકરાળ સપાટો સહન કરી રહ્યા છે ત્યાં હવે નવો રોગચાળો ફાટી નીકળવાની શક્યતા હોવાનું જાણવા મળ્યું હતું. દિલ્હીમાં અત્યાર સુધીમાં એક લાખ વીસ હજાર એકસો સાતથી વધુ કેસ કોરોનાના થઈ ચૂક્યા છે અને દિવસે દિવસે હજુ કેસ વધી રહ્યા છે. કોરોનાથી મૃત્યુ પામેલા લોકોનો આંકડો ૩,૫૭૧ સુધી પહોંચી ચૂક્યો છે. છેલ્લા થોડા મહિનાથી એક નવો ચેપ (સંક્રમણ) દેખાવાનો શરૂ થઇ ગયો હતો.હૉસ્પિટલોમાં સારવાર લઇ રહેલાં કોરોનાગ્રસ્ત બાળકોના શરીરમાં ચકતાં જેવા આકાર તથા સોજા જોવા મળ્યા હતા. આ અંગે પૂછતાછ કરતાં ડૉક્ટરોએ એવો અભિપ્રાય વ્યક્ત કર્યો હતો કે કાવાસાકી નામનો નવો ચેપ દેખા દઇ રહ્યો હતો.કાવાસાકી શી રીતે ફેલાતો થયો છે એ ડૉક્ટરો કહી શક્યા નહોતા. નવજાતથી માંડીને પાંચ વર્ષનાં બાળકોને આ ચેપ લાગી રહ્યો હતો જેના પગલે તાવ આવવા ઉપરાંત શરીર પર ચકતાં-ચાંદાં અને અંગોમાં તેમજ રક્તવાહિનીઓમાં સોજા ચડી રહેલા જોવા મળ્યા હતા. આવું કયા કારણે થઇ રહ્યું હતું એ ડૉક્ટરો સમજાવી શક્યા નહોતા.

છેલ્લા થોડા માસથી આ સંક્રમણ નિયમિત રૂપે બાળકોના વોર્ડમાં દેખાયું હતું. પાટનગર નવી દિલ્હીની મોટા ભાગની હૉસ્પિટલોમાં બાળકોના વોર્ડમાં આ તકલીફ ડૉક્ટરોના ધ્યાનમાં આવી હતી. આમ થવાનું કારણ સમજી શકાયું નહોતું. આ ચેપની અસર ધરાવતાં બાળકોમાં તાવ, શરીર પર ચાંદાં અને રક્તવાહિનીમાં સોજા ઉપરાંત જઠર અને આંતરડાં પર પ્રતિકૂળ અસર જોવા મળી હતી એમ પોતાની ઓળખ છૂપાવીને એક ડૉક્ટરે કહ્યું હતું.

## વિશ્વમાં કોરોનાના કુલ કેસ વધીને ૧.૪ કરોડે પહોંચ્યા

# કોરોનાએ બુલેટ ટ્રેનની ઝડપ પકડી: ૧૦૦ કલાકમાં ૧૦ લાખ પોઝિટિવ કેસ

વોશિંગ્ટન,તા.૧૮

કોરોના મહામારીને લઇ લોકોમાં આશા વ્યક્ત કરી હતી કે સમયની સાથો સાથ પ્રકોપમાં ઘટાડો આવશે અને કેસોની સંખ્યા ઓછી થતી જશે. પરંતુ તેનાથી ઉલટું થઇ રહ્યું છે.

કોરોના સમયની સાથો સાથ વધુ ઝડપથી ફેલાઇ રહ્યો છે. રોયટર્સ ટેલીના મતે શુક્રવારના રોજ વિશ્વમાં કોરોના કેસોની કુલ સંખ્યા ૧.૪ કરોડને પાર કરી ગઇ છે. એટલું જ નહીં અંદાજે ૧૦૦ કલાકમાં કોરોનાના રેકોર્ડબ્રેક ૧૦ લાખ કેસ સામે આવ્યા છે.

કોરોનાનો પહેલો કેસ ચીનમાં જાન્યુઆરીના શરૂઆતના દિવસોમાં આવ્યા હતા. ત્યારબાદ આવતા ત્રણ મહિનામાં કોરોના કેસોની સંખ્યા ૧૦ લાખ પર પહોંચી હતી. પરંતુ કોરોના કેસોની સંખ્યા ૧.૩ કરોડથી ૧.૪ કરોડ પહોંચવામાં માત્ર ચાર દિવસ લાગ્યા છે. ૧૩ જુલાઇના રોજ વિશ્વમાં કોરોનાની કુલ સંખ્યા ૧.૩ કરોડ થઇ હતી પરંતુ ૧૭ના રોજ આ ૧.૪ કરોડને પાર થઇ ગઇ છે.

અમેરિકામાં ૩૬ લાખથી વધુ કોરોનાના કેસ સામે આવી ચૂકયા છે. તેમ છતાંય દરરોજ અહીં કોરોનાના ઘણા મામલા સામે આવી રહ્યા છે.

ગુરૂવારના રોજ અહીં રેકોર્ડ ૭૭૦૦૦ કેસ સામે આવ્યા છે. જ્યારે સ્વીડનમાં મહામારીની શરૂઆતથી અત્યાર સુધી ૭૭૨૮૧ કેસ સામે આવી ચૂકયા છે.

વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનના મતે શુક્રવારના રોજ કોરોનાના ૨૩૭૭૪૩ કેસ સામે આવ્યા છે. આની પહેલાં ૧૨ જુલાઇના રોજ રેકોર્ડબ્રેક ૨૩૦૩૭૦ કેસ સામે આવ્યા હતા. આ તમામ આંકડા એ બતાવા માટે પૂરતા છે કે તાજેતરના દિવસોમાં કોરોનાના કેસ ઝડપથી વધ્યા છે.

સૌથી વધપ જે દેશોમાંથી કોરોનાના કેસ સામે આવી રહ્યા છે તેમાં અમેરિકા, બ્રાઝિલ, ભારત અને દક્ષિણ આફ્રિકા છે.

જો કે જુલાઇ મહિનામાં કોરોનાથી મરનારાઓના દર્દીઓની સંખ્યા જોઇએ તો લગભગ ૫૦૦૦ની આસપાસ બનેલી છે. એટલે કે મોતના આંકડામાં સ્થિરતા બનેલી છે.

છેલ્લાં સાત મહિનામાં કોરોનાના લીધે આખી દુનિયામાં ૫૯૦૦૦૦ લોકો પોતાનો જીવ ગુમાવી ચૂકયા છે.

## તંત્રી લેખ

# ઓનલાઈન ચોકીદારની જરૂર

કોઈ પણ દેશની સુરક્ષાના બે મુખ્ય ભાગ હોય. એક સરહદ પરની સુરક્ષાનો વિભાગ હોય જે લશ્કરની ત્રણે પાંખ સંભાળે. બીજો વિભાગ છે દેશની આંતરિક સુરક્ષા. જે પોલીસ દળ, સેવા સુરક્ષા દળ કે અર્ધલશ્કરી દળ સંભાળતા હોય. સદીઓ સુધી કોઈ પણ દેશના નાગરિકોની સુરક્ષા માટે આ બે વિભાગ દ્વારા જ કામ ચાલતું હતુ.સમયની માંગ છે કે નાગરિકોની સુરક્ષા માટે સત્વરે ત્રીજો વિભાગ ખોલવામાં આવે અને તે છે સાયબર-સુરક્ષા. ભારતમાં જેટલા મોબાઈલ ફોન ધારકો છે એટલા વિશ્વના એક પણ દેશમાં નથી. ભારતમાં ઈન્ટરનેટ ધારકોમાં પણ ટોચના સ્થાને છે.ભારતીય રિટેલ માર્કેટ ધીમે ધીમે પાછું પડી રહ્યું છે. મુખ્ય ખરીદ વેંચાણ હવે મોલ અથવા તો ઓનલાઈન થાય છે. આ બંને જગ્યાએ કોઈને કોઈ પ્રક્રિયામાં ગ્રાહકના ઈન્ટરનેટ કે મોબાઈલ નંબરનો ઉપયોગ થતો હોય છે. ટૂંકમાં કોઈ પણ ભારતીય ગ્રાહકનો નંબર ન્યૂનતમ દસ પ્રાઈવેટ ધંધાદારી કંપની પાસે છે. ગ્રાહકને એમ છે કે એની બધી માહિતી ખાનગી છે પણ હકીકત એ છે કે તેની ઘણીબધી માહિતી બજારમાં વેચાતી હોય છે.પીગેસસ નામનો સ્પાયવેર અમુક ભારતીયોના મોબાઈલ ફોનને ટ્રેસ કરી રહ્યો હતો. વોટ્સએપ દ્વારા ફેલાઈ રહેલો એ વાયરસ વોટ્સએપના ઓડિયો કોલ અને વીડિયો કોલ સહિત મોબાઈલધારકના લોકેશન અને ટેક્સ્ટ મેસેજને પણ વાંચી શકતો. ઈઝરાયેલની એક કંપનીએ રાજકારણીઓ, સરકારી બાબુઓ, કેટલાક નામાંકિત રાષ્ટ્રીય અને પ્રાદેશિક ભાષાના પત્રકારો, વકીલો, ઉદ્યોગપતિઓ ઉપર નજર રાખવા માટે આ વાયરસ બનાવેલો. જેની અસર નીચે અમુક ભારતીયો પણ આવી ગયા.સરકાર કેશલેસ યુગના મંડાણ કરવા માટે આતુર છે. એકવીસમી સદીની શરૂઆતમાં પેપરલેસ વર્લ્ડના તંરગો ઉમટયા હતા જે આજે અદ્રશ્ય થઈ ગયા છે તેની સરકારને જાણ હોય એવું લાગતું નથી. ટ્રેનની ટિકિટથી લઈને દંડ ભરવા સુધીની બધી કાર્યવાહી ઓનલાઈન થાય એવી વર્તમાન સરકારની મહેચ્છા છે. ડિજિટલ ઈન્ડિયાનું તરંગી સપનું સાકાર કરવા માટે તેઓ ઉતાવળ પણ કરી શકે. ડિજિટલ ક્રાંતિના મુખ્ય ક્રાંતિકારી તરીકે મિસ્ટર મોદીનું નામ ઈતિહાસમાં લખાઈ જાય એવી મનોકામના તેમને હોઈ શકે. પણ સામે વાસ્તવિકતા એ છે કે ઓનલાઈન દુનિયા બહુ જ નાજુક છે.વોટ્સએપ જેવી હાઈ-સિક્યોરિટી એપ્લિકેશન પણ હેકરોથી સુરક્ષિત રહી શકતી નથી. ઓનલાઈન ફ્રોડ કરનારા લોકો બહુ છે. એટીએમના પાસવર્ડથી લઈને દરેક અંગત બાબત ઉઘાડી પડી શકે છે. આજના મનુષ્યનો મોબાઈલ રહસ્યોનું ગૂંચડું છે. જે શેતાની દિમાગ એને ઉકેલી શકે તે વિનાશક બની શકે. સોશ્યલ મીડિયાના પાવરથી સરકાર ડરેલી છે. પ્રજા ઓનલાઈન વ્યવહારોથી ન ડરે એ જોવાની ફરજ સરકારની છે.લોકોની ખરીદશક્તિ ઉપર કાપ આવી ગયો છે તે સ્વયંસ્પષ્ટ છે.

હવે પ્રજા પોતાનો એક પૈસો પણ વેડફવા માંગતી નથી. અર્થતંત્ર દેશ ઉપર અદ્રશ્ય દબાણ લાવી રહ્યું છે. એમાં જો કોઈ નવા કૌભાંડો બહાર આવે તો પડતા ઉપર પાટુ જેવું લેખાશે. પ્રજા એ સહન નહીં કરી શકે. ઈન્ટરનેટ ધારકોના ઓનલાઈન વ્યવહારોની સુરક્ષા માટે એક બહુ મોટી વ્યવસ્થાની જરૂરિયાત છે. ફક્ત સાયબર સેલ બનાવી દેવાથી સંપૂર્ણ સુરક્ષા મળતી નથી. લશ્કર અને પોલીસ ઉપરાંત ઓનલાઈન ચોકીદારની આપણને જરૂર છે.નેવું કરોડ મોબાઈલ ધારકો ધરાવતા આ દેશ ઉપર વિદેશની અનેક સાયબર ક્રિમિનલ ટિમનો ડોળો મંડાયો છે.લાલચ આપીને એટીએમ કાર્ડની ઓનલાઈન તફડંચી અનેક વખત થાય છે.

### પ્રાથમિક શિક્ષકોનું ડિજિટલ આંદોલનની સફળતા બાદ ગુજરાતની 'ખાખી વર્દી' મેદાને

# હવે સોશીયલ મીડિયામાં છેડાયું #2800gujaratpolice નામે ડિજિટલ આંદોલન



ગાંધીનગર,તા.૧૮

ગુજરાતમાં શુક્રવારે સરકાર શિક્ષકોના ગ્રેડ ડાઉન કરવાના વિરોધમાં ચાલી રહેલા આંદોલન સામે ઝૂકીને તેમનો પગાર ઘટાડો મોકૂફ રાખ્યો છે. ત્યારે આજે એક મોટા સમાચાર સામે આવી રહ્યા છે. ગુજરાત સરકાર સામે પ્રાથમિક શિક્ષકો બાદ રાજ્યના પોલીસ કર્મીઓએ પોતાના ગ્રેડ-પે મુદ્દે આંદોલન છેડ્યું છે. સરકાર સામે ફરી એકવાર કપરાં ચઢાણ દેખાઈ રહ્યા છે. ગુજરાતમાં સરકાર સામે વધુ એક ડિજિટલ આંદોલન પોલીસ કર્મીઓએ છેડ્યું છે. પોલીસ કર્મીઓએ સરકાર સામે ૨૮૦૦ ગ્રેડ પે આપવા માંગણી કરી છે. તેમને સવાલો વેધક છે, તેઓ સરકારને જણાવી રહ્યા છે કે, 'અમે કોઈ એક પણ રજા લેતા નથી છતાં અન્યાય કેમ? આ વિશે મળતી માહિતી પ્રમાણે ગુજરાતભરના પોલીસ કોન્સ્ટેબલ અને હેડ કોન્સ્ટેબલના પગારનો ગ્રેડ ઓછો હોવાથી તેઓ સોશિયલ મીડિયા પર પોતાનો અવાજ દર્શાવ્યો છે. હવે પોલીસનું ૨૮૦૦ ગ્રેડ પે આંદોલન સોશિયલ મીડિયામાં છવાઈ ગયું છે.

રાજયમાં પોલીસ કોન્સ્ટેબલને ૧૮૦૦ રૂપિયાનો ગ્રેડ મળે છે અને હેડ કોન્સ્ટેબલને ૨૦૦૦ રૂપિયાનો ગ્રેડ મળે છે. આ ગ્રેડમાં વધારા માટે હવે પોલીસ મેદાને છે. ગુજરાતના જાણીતા પોલીસ વિભાગે હવે ગુજરાત સરકાર સામે બાંયો ચઢાવી છે. શિક્ષકોના ડિજિટલ આંદોલનની ભવ્ય સફળતા બાદ પોલીસ કર્મીઓએ પણ સોશિયલ મીડિયા દ્વારા માંગણી કરવામાં આવી રહી છે કે કોન્સ્ટેબલને ૨૮૦૦ રૂપિયા અને હેડ કોન્સ્ટેબલને ૩,૬૦૦ રૂપિયાનો ગ્રેડ પે આપવામાં આવે અને એએસઆઈને ૨,૪૦૦ રૂપિયાના ગ્રેડ પે સામે ૪૪૦૦ રૂપિયાનો ગ્રેડ પે આપવામાં આવે. પોલીસ કર્મીઓ સરકારને જણાવી રહ્યા છે કે,અમે કોઈ એક પણ રજા લેતા નથી છતાં અન્યાય કેમ?, અમારી સમસ્યા અનેક છે પરંતુ તેમની સમસ્યા રજૂ કરવા માટે કોઈ યૂનિયન નથી. ગુજરાતમાં ગ્રેડ પે વધારવા માટે શિક્ષકોએ આંદોલન કર્યા બાદ હવે પોલીસે પણ મોરચો માંડ્યો છે. ગુજરાત પોલીસે ગ્રેડ પે વધારવાની માંગણી સાથે હેશટેગ ૨ હજાર ૮૦૦ ગુજરાત પોલીસ નામનું અભિયાન શરૂ કર્યું છે.

પોલીસનું આ અભિયાન શરૂ થતાં જ ટ્વીટર પર ટોપ ટ્રેન્ડમાં ચાલી રહ્યું છે. સોશિયલ મીડિયા પર શરૂ થયેલા અભિયાનમાં પોલીસ કર્મચારીઓની વ્યથા ઠાલવવામાં આવી છે. જેમાં એક પણ રજા નહીં. નોકરીનો ફિક્સ સમય નહીં. તેમ છતાં સૌથી ઓછો પગાર હોવાનો ઉલ્લેખ કરાયો છે. મુખ્યપ્રધાન વિજય રૂપાણી. નાયબ મુખ્યપ્રધાન નીતિન પટેલ અને ગૃહરાજ્યપ્રધાન પ્રદિપસિંહ જાડેજાને ટેગ કરી ગ્રેડ પે વધારવાની માંગણી કરાઈ રહી છે.

### રાજ્યમાંમાં કોરોના ટેસ્ટિંગ વધારવા મેડિકલ એસોસિએશન હાઈકોર્ટના શરણે

# ગુજરાતની ૬.૨૭ કરોડ વસ્તિને ધ્યાને રાખે ટેસ્ટ થવા જોઈએ

### એક જ પરિવારમાંથી અનેક લોકો સંક્રમિત થયા છેઃ એસોસિએશનના પ્રમુખ

અમદાવાદ,તા.૧૮

ગુજરાતમાં કોરોનાના વધતા જતા કહેર વચ્ચે વધુને વધુ ચેપ ધરાવતા લોકોને અસર લાવવા તથા સંક્રમણની ચેઈન તોડવા માટે ટેસ્ટિંગ વધારવાનું જરૂરી છે અને તે માટે વધુ એક વખત મામલો હાઈકોર્ટમાં પહોંચ્યો છે. અમદાવાદ મેડિકલ એસોસિએશને ટેસ્ટિંગ વધારવા માટે સરકારને સુચના આપવાની માંગ સાથે હાઈકોર્ટનાં દ્વાર ખખડાવ્યા છે.

અમદાવાદ મેડિકલ એસો.ને હાઈકોર્ટ સમક્ષ એવી દલીલ કરી હતી કે, ગુજરાતમાં ટેસ્ટિંગ અન્ય રાજ્યોની સરખામણીએ ઓછા છે. વસતીનાં ધોરણે યોગ્ય પ્રમાણમાં થવા જોઈએ. એસોસિએશનના પ્રમુખ ડો.મોના દેસાઈએ કહ્યું કે, સરકાર ટેસ્ટિંગ વધારે તેવી માંગ કરવામાં આવી છે એક જ પરિવારમાંથી અનેક લોકો સંક્રમિત થયા છે.

સરકાર યોગ્ય ટેસ્ટિંગ ટ્રેસિંગ કરાવતી ન હોવાથી આ સ્થિતિ છે. સમયસર ટેસ્ટ થાય તો સંક્રમિત વ્યકિતની ઓળખ માટે અમે સારવાર શક્ય બને તેને ક્નટેઈનમેન્ટ આઈસોલેશનમાં મુકી શકાય.

હાઈકોર્ટ સમક્ષ અરજીમાં એમ કહેવાયું છે કે, ટેસ્ટિંગની સંખ્યા હજુ વસતી મુજબ પર્યાપ્ત છે. ગુજરાતની ૬.૨૭ કરોડની વસતીને ધ્યાને રાખીને ટેસ્ટિંગ થવા જોઈએ. અત્યારે સરેરાશ રોજના માંડ ૬૦૦૦ ટેસ્ટ થાય છે. મહારાષ્ટ્રમાં ૧૧૦૪૨ કરોડની વસતીએ ૩૦,૦૦૦, ઉત્તર પ્રદેશમાં ૨૦.૪૨ કરોડની વસ્તીએ ૨૯,૦૦૦, તામીલનાડૂમાં ૬.૭૯ કરોડની વસતીએ ૩૦,૦૦૦ તથા દિલ્હીમાં ૧.૯ કરોડની વસતીએ ૩૫,૦૦૦ ટેસ્ટ થયા છે.ટેસ્ટિંગ વધારવા ઉપરાંત દરેક જિલ્લામાં ટેસ્ટિંગ લેબ ઉભી કરવા પણ માંગ કરવામાં આવી છે. આઈસીએમઆરની વેબસાઈટ પ્રમાણે, ગુજરાતમાં ૨૩ સરકારી તથા ૧૮ ખાનગી લેવાતું સેટઅપ છે.

છતા રાજ્યના ૧૯ જિલ્લામાં કોવિડ ટેસ્ટિંગની સુવિધા નથી ત્યાં યોગ્ય માળખા સાથેની લેબોરેટરી નથી. ગુજરાતમાં સૌથી વધુ પ્રભાવિત શહેર એવા સુરતમા પાંચ ખાનગી લેબ છે.

### રાજકોટના ઉદ્યોગકારે બિહારથી ૨૦ કુશળ કારીગરોને પ્લેનથી તેડાવ્યા

રાજકોટ,તા.૧૮

શાપરમાં ટેકનોકાસ્ટની એક પેઢીએ મોટા ઓર્ડર આવી જતા તેને પુરા કરવા માટે બિહારથી પોતાના ૨૦ કુશળ કારીગરોને પ્લેનથી તેડાવ્યા હતા. પટનાથી દિલ્હી અને દિલ્હીથી અમદાવાદ ફલાઈટની ટિકિટ સાથે ખાસ માણસ દોડાવાયો હતો. ઘણાએ ટ્રેનની ટિકિટો મોકલી હતી.ખાસ બસના ભાડા પણ ચૂકવાયા છે. સાથોસાથ હવે પરપ્રાંતીય શ્રામિકો ફરી રાજકોટ તરફ ધસી રહયા છે. રાજકોટની ત્રણે ઔદ્યોગિક વસાહતોમાં દરરોજ શ્રામિકો ઉતરી રહ્યા છે.

પોતાના વતનથી રાજકોટ પરત કામ કરવા આવેલા આ શ્રામિકોની ગુજરાતની બોર્ડર કે રાજકોટમાં તેઓ જયા ઉતરી રહ્યા છે ત્યાં કોઈ સ્થળે આરોગ્ય ચકાસણીની વ્યવસ્થા નથી. ખરેખર તો પરપ્રાંતથી આવતા શ્રામિકો માટે આરોગ્ય ચકાસણી થવી જોઈએ તેવી માગણી ઉદ્યોગકારો ઉઠાવી રહ્યા છે.

### ★ભૂલકાઓનો એક જ પ્રશ્નઃસ્કૂલ ક્યારે જઈશું??★

કોરોના કાળની સૌથી ઘેરી અસર નાના નાના બાળકો પર પડી છે..કેટલાય ભૂલકાઓને કોરોના શું છે તે પણ ખબર ના હોય...અધૂરામાં પૂરું એમની પાસે થી બહાર રમવાની સ્વતંત્રતા છીનવાઈ ગઈ છે..બહાર કોરોના પંજો ફેલાવીને બેઠો જ છે..એટલે ઘરની ચાર દીવાલ જ એમની કેદ. કોઈ બહાર જવા દેતું નથી એમને...સ્કૂલ બંધ થયાને પણ મહિનાઓ થયાં.. એ લોકોને એમના મિત્રોને મળવું છે..સ્કૂલમાં તોફાન કરવું છે, મસ્તી કરવી છે..પણ બધાજ લાચાર છીએ..અત્યારે સૌથી ખરાબ તબક્કા માંથી પસાર થઈ રહ્યું હોય તો તે શિક્ષણ ખાતું..દિશા વિહીન થઈ ગયું છે..ઓન લાઇન એક માત્ર ઉપાય રહ્યો છે..મોટા બાળકો તો ભણી લેશે પણ જુનિયર અને સિનિયર કે જી અને એક થી ચાર ધોરણના બાળકો શું કરશે.. એ મોટો સવાલ છે..આ સમયમાં મા બાપ ની જવાબદારી તેઓને સાચવવાની ખૂબ જ વધી જાય છે. એમના પર પૂરતું ધ્યાન આપો ક્યાંક એ આ સ્થિતિમાં મનથી હતાશ ના થઈ જાય..કોઈપણ વિદ્યાર્થી તનથી મસ્તી, મનથી મોજીલો, બુદ્ધિ થી વિદ્યા અને દિલથી આવેગોથી ભરેલો હોય છે..એને દિલ થી સાચવવો પડશે..એને વધુ સમય આપવો પડશે..જે પ્રવૃત્તિ એ સ્કૂલે કરતો હતો તે તમારે એની સાથે એના જેવા બનીને કરવી પડશે...ભણવાનું દબાણ ના કરતાં જરાપણ...એની મસ્તીમાં જ એના જેવા બનીને જીવન જીવજો..કેવી વિસંગતતાઓ આવી છે જે મોબાઈલની લત આપણે છોડાવવા માંગતા હતાં તે જ હવે આપવો પડે છે..પરંતુ એમને જીવનલક્ષી શિક્ષણ પણ આપજો...સુખ પછી દુઃખ ને દુઃખ પછી સુખ આવતું જ હોય છે..સુખમાં છકી નથી જવાનું ને દુઃખમાં હતાશ નથી થવાનું શિક્ષણ આપવાનું છે..આ શિક્ષણ કોઈ ટેકનોલોજી નહિ આપી શકે..ઓન લાઇન શિક્ષણ પણ નહિ...!!!!

★દિલીપ વી ઘાસવાલા★

# મોત જરા થોભીજા

મોત હમણાં ઉભું રહી શકે તો ઉભું રહેજે
કોરોના ને જવાદે પછી જ તું આવને ?

હમણાં સગાવ્હાલા પણ ક્યાંથી આવી શકે
અને શાલો નો ઢગલો પણ કોણ કરશે ?

ખબર તો છે કેટલી સંસ્થાઓ નો ચેરમેન છું
એમના ગુલાબ ના હાર કોણ પહેરાવશે ?

દીકરા દીકરી વહુ જમાઈ નહિ આવે
તો પછી મારી પાછળ પોક કોણ મુકશે ?

મારી ઘરવાળી માસ્ક પહેરી કેમ રડશે ?
ને સુખડ નો હાર ગળા માં કોણ નાખશે ?

મારા ચાર ચાર દીકરા માં થી કોઈ નથી
તો કોને કાંધે હું હવે ચડી ને જઈશ ?

સ્મશાનયાત્રા માં પણ કોઈ નહિ આવે તો
રામ બોલો ભાઈ રામ કોણ બોલશે.?

મારી ભેગી કરેલી આ પરચુરણ હવે
સ્મશાન યાત્રા માં કોણ ફેંકશે ?

મારી સ્મશાન યાત્રા ને જતી જોઈ
બે મિનિટ રસ્તા માં હાથ કોણ જોડશે ?

સ્મશાને પહોંચી ને મારી માટે બે
સારા શબ્દો પછી ત્યાં કોણ બોલશે ?

મારી ચિતા બળતી હશે ત્યારે ત્યાં
શેરબજાર ની વાતો ત્યાં કોણ કરશે ?

સ્મશાન ની બહાર રેંકડી વાળા પાસે
ચા અને વડાપાંવ પછી કોણ ખાશે ?

કોરોના માં જ મરવા નો ટાઈમ મળ્યો
એમ કહી ને મોઢું બતાવવા કોણ આવશે ?

મેં સાંભળેલા અને મને ખુબ ગમતા
ભક્તિગીતો પ્રાર્થનાસભા માં કોણ સાંભળશે

મારા બારમા અને તેરમા ના લાડવા ખાવા
કોણ ક્યાં થી અને કેવી રીતે આવશે ?


મારા અસ્થિ પણ પછી સ્મશાન ભૂમિ માં
કોણ જાણે કેટલો વખત પડી રહેશે ,?

માટે હે યમરાજ મોત હમણાં ઉભું જ રાખજે
બસ કોરોના જાય પછી તું આવજે

ઘનશ્યામ વ્યાસ

### અંતરનાં આયનામાં.... (લેખાંક -૧૧)

વર્ષા જાની



"તરુવર ફલ ફલ નહીં ખાત હૈ,
સરવર પિયહિ ન પાન
કહી રહિમન પરકાજ હિત
સંપત્તિ સુચહિ સુજાન.

અકબરના દરબારના નવ રત્નો માંના એક રત્ન એટલે રહીમજી. નીતિ વ્યવહારને લગતા અનેક દોહાઓ એમણે લખ્યા છે.આ દોહાની અંદર એમણે પરોપકારની ભાવના વ્યક્ત કરી છે. વૃક્ષ પોતાનું ફળ ક્યારેય ખાઈ જતું નથી. સરોવર પોતાનું પાણી પી જતું નથી. એવી જ રીતે જ્ઞાની પુરુષ ધન સંપત્તિ પરોપકાર માટે જ

એકઠી કરતો હોય છે! એને ધન સંપત્તિની બિલકુલ લાલસા હોતી જ નથી.

અત્યારના યુગમાં બિલોરી કાચ લઈને શોધવા જાવ તો પણ આવા પરોપકારી માણસો જૂજ મળશે. અરે ! પોતાનું ધન પોતાના ખુદને માટે કે પોતાના ખુદના સંતાન માટે પણ વાપરી ન શકનારા લોભિયા પરોપકારની કિંમત, કે એનું મહત્વ શું જાણે? જેને ભગવાને જાજુ આપ્યું છે ને ! એને જ રૂપિયાની જાજી બળતરા !

સરકારી નોકરીમાં કોઈ ઉચ્ચ અધિકારી તરીકેની ફરજ બજાવતા હોય, પાંચ આંકડામાં દર મહિને રૂપિયાના થોકડા બેંક એકાઉન્ટમાં જમા થતાં હોય, અરે, એટલેથી પણ ઓછું હોય એમ

જયાં ત્યાંથી કરપ્સન કરવામાં પણ પાછું વળીને જોતા નથી ! એવા રૂપિયાના સાવ હડકાયા! હરામના કરોડો રૂપિયા ભેગા કરી કરીને બે હાથે ખૂબ ભેગું કરે ! જ્યાં ત્યાં કરોડોના બંગલા પણ બંધાવે! તેમ છતાં પોતાની જ પુત્રવધૂને આડકતરી રીતે પિયરથી પૈસા લાવવા દબાણ કરે ! અને પાછા દીકરાના પણ કાન ભમ્ભેરી પોતાની પત્ની વિરુદ્ધ ચડાવે ! માવડિયો, બાપવડીયો દીકરો પત્નીને માત્ર વારસદાર પેદા કરવાનું કે પોતાનું ઘર સાચવવાવાળી એક નોકરાણીથી વિશેષ કશું જ ન સમજે ! બિચારી પારકી દીકરી બધું જ છોડીને સાસરી કુટુંબમાં સાકરની જેમ ભળી જવાની તમામ કોશિશ કરતી રહેતી હોય, તેમ છતાં પતિની કે સાસુ સસરાની હૂંફ ન પામી શકતી હોય ! આ તે કેવો અન્યાય? આવા કહેવાતા રૂપિયાવાળાઓ કરતાં તો મધ્યમવર્ગના કે મજૂરી કરીને જીવન ગુજારનારા લાખગણા સારા ! કે જ્યાં લાગણીની કિંમત રૂપિયામાં તોળાતી નથી. જે રૂપિયા પોતાના ઘરનાં લોકો માટે પણ વાપરી ન શકતા હોય એ વ્યક્તિ દાન ધર્માદો કે પરોપકારની વાત ક્યાંથી પચાવી શકે?

આવા લોભિયાને કોણ સમજાવી શકે ! કે જીવનમાં રૂપિયાને જ મહત્વ આપવાને બદલે પ્રેમ લાગણી, હૂંફનું ઓક્સિજન પણ જીવવા માટે એટલું જ જરૂરી હોય છે ! અરે, આડેહાથે ભેગો કરેલ રૂપિયાનો સમય આવ્યે જવાબ તો આપવો જ પડે છે !

લોભને થોભ હોતો નથી ! લોભના કારણે જ બૂરીબલા લાલચનો જન્મ થાય છે. લોભમાંથી જ ક્રોધ ઉત્પન્ન થાય છે.અને ક્રોધ ખૂબ જ બૂરો મનોવિકાર છે.ક્રોધથી ગમે એવો બુદ્ધિશાળી વ્યક્તિ પણ શુદ્ધબુદ્ધ ખોઈ બેસે છે. કરવા યોગ્ય કે ન કરવા યોગ્ય કાર્યની પણ એને જરાય ગતાગમ રહેતી નથી. એ દિશાશૂન્ય બની જાય છે.

લોભ કરવો અને કરકસર કરવી આ બે બાબતો સમજી લેવા જેવી છે. લોભ એટલે જરૂરિયાત હોય છતાં રૂપિયો વાપરી શકાતો નથી ! ખુદને માટે કે અંગત પરિવાર માટે ન વાપરી શકાતા રૂપિયા ધૂળ બરાબર છે ! મરી ગયા પછી એ રૂપિયા સાથે લઈ જવાની ઈશ્વરે કોઈ સગવડ રાખી જ નથી.

છતાંય માણસો લોભ કરીને એવો સંગ્રહ શું કામ કરતાં હશે? પોતાના જ હાથે જરૂરિયાત મુજબ કમસેકમ પરિવાર માટે તો રૂપિયા વાપરવા જોઈએ. નિર્જીવ ગાડી બઁગલાને પ્રાધાન્ય આપવા કરતાં ઘરના વ્યક્તિ પ્રત્યે લાગણી હોવી જોઈએ. પરોપકારક ન બની શકો તો કાંઈ નહીં પણ એટલીસ્ટ ઘર માટે તો ખર્ચો. " ક્યા ભરોસા હૈ ઈસ જિંદગી કા? "

પોતે ખૂદ અકારા બનીને ભેગો કરેલો રૂપિયો પાછળથી તો દીકરો વહુ જ પામવાના હોય ! એનાં કરતાં તો કુટુંબ જરૂરિયાત મુજબ પોતે જ ઉદારતાથી વાપરીએ, એનાં જેવું બીજું ક્યુ શાણપણ હોય શકે?

વર્ષા જાની
ભાવનગર
૧૯ જુલાઈ ૨૦૨૦

### રાંદેર અને ઉધના ઝોનના દુકાનદારો સેલ્ફ લોક ડાઉનના માર્ગે

# જરૃરિયાતની દુકાનો સિવાયની દુકાનો અઠવાડીયું બંધ રાખવા નિર્ણય

સુરત,તા.૧૮

સુરત મહાનગરપાલિકાના રાંદેર ઝોન દ્વારા સેલ્ફ લોક ડાઉન માટેની પહેલ શરૃ કરી છે તેવી રીતે આજે ઉધના ઝોનના મોટા ભાગના દુકાનદારો સેલ્ફ લોક ડાઉનના માર્ગે જઈ રહ્યાં છે. આજે સવારથી રાંદેર ઝોનની મોટા ભાગની દુકાનો ખુલી ન હતી જ્યારે ઉધના ઝોનમાં પણ જીવન જરૃરિયાતની દુકાનો સિવાયની દુકાનો આજથી અઠવાડીયું સુધી બંધ રાખવાનો નિર્ણય કર્યો છે. રાંદેર અને ઉધના ઝોન દ્વારા સેલ્ફ લોક ડાઉન તરફ વળતાં શહેરના રસ્તા પર પણ લોકોની અવર જવર ઓછી જોવા મળી રહી છે.સુરતમાં છેલ્લા પંદર દિવસમાં કોરોનાનો વિસ્ફોટ થયો હોય તેવી સ્થિતિ છે જુલાઈ માસના પખવાડિયામાં સૌથી વધુ મોત અને સૌથી વધુ પોઝીટીવ કેસ આવ્યા છે. સતત કોરોનાનું સંક્રમણ વધતુ હોવાથી સુરત મ્યુનિ.ના રાંદેર ઝોનમાં સેલ્ફ લોક ડાઉન માટે મ્યુનિ.ના અધિકારીઓ અને સ્થાનિક કોર્પોરેટરો દ્વારા વેપારીને અપીલ કરવામા આવી હતી. આ અપીલ બાદ ગઈકાલથી જ રાંદેર ઝોનની મોટા ભાગની દુકાનો બંધ થઈ ગઈ હતી જે આજે પણ ખુલી ન હતી. આજથી રાંદેર ઝોનમાં જીવન જરૃરિયાતની વસ્તુ સિવાયની દુકાનો એક સપ્તાહ માટે બંધ રહેશે.

રાંદેર ઝોનમાં ગઈકાલે સફળતાં મળી હોવાથી આજે ઉધના ઝોનના અધિકારીઓ અને રાજકારણીઓ દ્વારા દુકાનદારોને સેલ્ફ લોક ડાઉન માટે સમજાવ્યા હતા. જેમાં ઉધના મેઈન રોજ, દક્ષેશ્વર નગરથી અલથાણ રોડ, બમરોલી રોડ, પીળી માટી રોડ, દંતોરા રોડ, પાંડેસરા હાઉસીંગ બોર્ડ, ભેસ્તાન ઉન વિસ્તારની મોટા ભાગની દુકાનો સ્વૈચ્છિક બંધ માટે તૈયાર થઈ હતી. આ વિસ્તારમાં પણ જીવન જરૃરિયાતની વસ્તુઓની દુકાનો પણ બપોરે બે વાગ્યા સુધી જ ખુલ્લી રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. સતત વધતું જતું કોરોના સંક્રમણ અને વધતા જતાં મૃત્યુ આંકના કારણે હવે લોકોમાં પણ થોડો ગભરાટ જોવા મળ્યો છે. આજે રાંદેર અને ઉધના ઝોન સહિત અન્ય કેટલાક વિસ્તારમાં પણ લોકોની અવર જવર ઓછી જોવા મળતી હતી.

### કોરોના કાળ વચ્ચે ૨૧ જુલાઈથી પવિત્ર શ્રાવણ માસનો પ્રારંભ

ગાંધીનગર,તા.૧૮

૨૧ જુલાઈથી પવિત્ર શ્રાવણ માસનો પ્રારંભ થઈ રહ્યો છે. શ્રાવણ માસમાં મહાદેવજીની પૂજા માટે અનેક લોકો પ્રથમ જ્યોર્તિલિંગ સોમનાથ મંદિરે દર્શને જતાં હોય છે. પણ હાલ કોરોનાની મહામારીના સમયમાં શ્રાવણ માસ દરમિયાન સોમનાથ મંદિરની મુલાકાત પહેલાં અહીં લાદવામાં આવેલી પાબંધીઓ વિશે અચૂક જાણી લેજો. કોરોના મહામારીને કારણે સોમનાથ મંદિર દ્વારા સંક્રમણ ન ફેલાઈ તે માટે અનેક પ્રતિબંધો લગાવી દેવામાં આવ્યા છે. ૨૧ જુલાઈથી શરૂ થતાં પવિત્ર શ્રાવણ માસને લઈ પ્રથમ જ્યોર્તિલિંગ સોમનાથ મહાદેવ મંદિર ખાતે કોરોના મહામારીને લઈ અમુક પાબંધીઓ મૂકી દેવામાં આવી છે.

તંત્રી, માલિક, મુદ્રક અને પ્રકાશક : પ્રદિપભાઈ રાવલે સર્વોદય ઓફસેટ, ૧૩, ગજાનન એસ્ટેટ, ઈદગાહ ચોકી પાસે, અમદાવાદ ખાતે છપાવીને ઘર નં. ૨૬૬૭, ગોઝારીયા પોળ, હલીમની ખડકી પાસે, શાહપુર-અમદાવાદ-૩૮૦ ૦૦૧ ખાતેથી પ્રસિદ્ધ કર્યું.
Owner, Printer, Publisher & Editor Shri Pradip Raval, Printed : Sarvoday Offset, 13, Gajanan Estate, Nr. Idgah Chowkey, Ahmedabad • Published : 2567, Gozaria Pole, Nr. Halim Khadki, Shahpur, Ahmedabad-380001